ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ





દાહોદ શહેરમાં ગરબા મહોત્સવ ઉજવણી

## તારી વાંકી રે પાઘલડીનુ ફૂમતુ રે...મને ગમતુ રે...આ તો કહુ છુ કાનુડા તને અમથુ....

# પાંચમા નોરતે દાહોદ-કાલોલમાં જામ્યો ગરબાનો રંગ....






કાલોલના મહાકાળી યુવક ગરબા મહોત્સવ


કાલોલની હાઉસિંગ સોસાયટીમાં નોરતાની રમઝટ


કાલોલમાં શ્રી વરીઆ દેવી સેવા સમિતિ દ્વારા નવચંડી યજ્ઞનુ આયોજન કરાયું

**દાહોદ , કાલોલ :** હાલ નવરાત્રિ મહોત્સવની ઠેરઠેર ઉજવણી થઇ રહી છે ત્યારે પંચમહાલ - દાહોદ જિલ્લામાં પણ ભારે ઉત્સાહની સાથે તહેવારની ઉજવણી કરતા આબાલ વૃદ્ધ સૌ કોઇ મનમૂકીને રાત્રિ દરમિયાન ગરબે ઘૂમી આદ્યશક્તિ મા અંબાની આરાધના કરી ધન્યતા અનુભવી રહ્યા છે. જેમાં વધુ વિગત પ્રમાણે જોવા જઇએ તો દાહોદ શહેરમાં ઠેરઠેર નાના મોટા ગરબા આયોજક મંડળોમાં બાળકો થી માંડીને યુવાધન અને મોટેરા સૌ કોઇ ગરબે ઘૂમી મહોત્સવની ઉજવણી કરતા જોવા મળી રહ્યા છે તો બીજી તરફ રાત્રિ દરમિયાન ગરબા પત્યા પછી લોકો ઠેરઠેર ખાણીપીણીના સ્ટોલ ઉપર નાસ્તાની જયાફત માણતા જોવા મળી રહ્યા છે ઉલ્લેખનીય છે કે કાલોલ અને દાહોદ શહેરમાં શેરી ગબા, પાર્ટીપ્લોટ ઉપરાંત શાળા કોલેજોમાં પણ વિદ્યાર્થીઓ માટે ગરબાનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે જેમાં બાળકો મનમૂકીને ગરબા ગાઇ શકે તે ઉદ્દેશ્યથી શાળા સંચાલક કે કોલેજ આયોજન મંડળો પણ તહેવારની ઉજવણી કરી રહ્યા છે.

## કુમ કુમ કેરા પગલે માડી ગરબે રમવા આવ...કે માડી તને ખમ્મા..ખમ્મા...ખમ્મા...

### ગામોના પશુપાલકો અને ખેડૂતોમાં અન્યાયની લાગણી ફેલાઈ

# સિંગવડ માત્ર ૧૦-૧૫ ગામોને જ ફરતું પશુ દવાખાનું ૧૯૬૨નો લાભ!




(પ્રતિનિધી) સિગવડ, તા.16

સિંગવડ તાલુકામાં કુલ 72 ગામો આવેલા છે, પરંતુ સરકારની મહત્વકાંક્ષી ફરતી પશુ દવાખાનું 1962 યોજના નો લાભ માત્ર 10 થી 15 ગામો પૂરતો જ મર્યાદિત રહ્યો છે. જેના કારણે તાલુકાના અન્ય ગામોના પશુપાલકો અને ખેડૂતોમાં અન્યાયની લાગણી ફેલાઈ છે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ, જ્યારે તેમના પશુઓ બીમાર પડે છે અથવા કોઈ તકલીફ થાય છે ત્યારે 1962 નંબર પર ફોન કરવાથી ગાડી આવતી નથી. પરિણામે તેઓને મજબૂરીમાં પ્રાઈવેટ પશુ ડોક્ટરને બોલાવવા પડે છે અને મોટી ફી ચૂકવવી પડે છે, જે ગરીબ અને મધ્યમ વર્ગના ખેડૂતો માટે આર્થિક બોજ સમાન છે.ખેડૂતોની માંગ છે કે જો સરકાર દ્વારા તાલુકા દીઠ 3 થી 4 ફરતી પશુ દવાખાનાની ગાડીઓ ફાળવવામાં આવે તો તાલુકાના તમામ 72 ગામોને આ યોજનાનો લાભ મળી શકે અને ખેડૂતોના રૂપિયા પણ બચી શકે. સિંગવડ જેવા આદિવાસી બહુલ અને પશુપાલન પર નભતા તાલુકામાં તમામ ગામોને સમાન રીતે આ સેવાનો લાભ મળે તે માટે સરકાર યોગ્ય પગલાં લે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે.

### BA અને BSCના ૬૧ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી

# જાંબુઘોડા કોલેજમાં ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ



(પ્રતિનિધી) જાંબુઘોડા, તા.16

કોલેજ કક્ષાની સ્પર્ધામાં ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો જાંબુઘોડાની જોરીયા પરમેશ્વર વિનયન અને વિજ્ઞાન કોલેજ ખાતે ઉચ્ચ શિક્ષણ વિભાગ અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા (GSVS) ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. 'વિકસિત ભારત ૨૦૪૭' અને 'આત્મનિર્ભર ભારત'ના લક્ષ્યને સાકાર કરવાના હેતુથી યોજાયેલી આ સ્પર્ધા કોલેજના આચાર્ય ડૉ. સી.બી. રાઠવાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સ્પર્ધાના પ્રથમ તબક્કામાં BA અને BSC સેમેસ્ટર ૧, ૩ અને ૫ના કુલ ૬૧ વિદ્યાર્થીઓએ ઓનલાઈન નોંધણી કરાવી હતી. ત્યારબાદ ૧૨ ઓક્ટોબરે યોજાયેલી કોલેજ કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામેલા ૧૮ વિદ્યાર્થીઓએ પોતાના વિષયને અનુરૂપ વક્તવ્ય રજૂ કર્યું હતું.

### પંચમહાલ જિલ્લામાં ફૂડ વિભાગનો સપાટો

# પાવાગઢ-ગોધરામાં નવરાત્રી દરમિયાન ખાણી-પીણીની દુકાનો પર ચેકિંગ



(પ્રતિનિધી) હાલોલ., તા.16

પંચમહાલ જિલ્લામાં આસો નવરાત્રી તહેવારને ધ્યાને રાખીને ખોરાક અને ઔષધ નિયમન વિભાગ (ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ) દ્વારા વિશેષ ચકાસણી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તા. ૧૧/૧૦/૨૦૨૬ થી તા. ૧૫/૧૦/૨૦૨૬ દરમિયાન પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલ પાવાગઢ ખાતે વિવિધ દુકાનો તેમજ ફૂડ સ્ટોલ પર સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન ૫૦ થી વધુ પેઢીઓની તપાસ કરવામાં આવી હતી, જેમાં ૩૬,૯૫૯/- (અંકે છત્રીસ હજાર નવસો ઓગણસાઠ) ની કિંમતનો એક્સપાયર થયેલો જથ્થો મળી આવતા તેને સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા વિવિધ પેઢીઓમાંથી ખાદ્ય સામગ્રીના ૩૦ નમૂના લેવામાં આવ્યા છે. આ સાથે ફૂડ સેફ્ટી વાન (FSW) દ્વારા પાવાગઢ ખાતે જાગૃતિ (અવેરનેસ) પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો, જેમાં પાવાગઢ દર્શનાર્થે જતા ભક્તોને ખાદ્ય સુરક્ષા અંગે ઉપયોગી સમજણ આપવામાં આવી હતી. બીજી તરફ, ગોધરાના સ્થાનિક ગરબા મહોત્સવ દરમિયાન ખેલૈયાઓને સ્વચ્છ અને ગુણવત્તાસભર ખાદ્ય પદાર્થો મળી રહે તે માટે ગરબાના આયોજન સ્થળો અને પંડાળોની બહાર લાગતા સ્ટોલ પર પણ તપાસ કરવામાં આવી હતી.

### કાલોલમા શ્રમજીવીઓ માટે આશીર્વાદરૂપ

# 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' કેન્દ્રનો બસ સ્ટેન્ડ પાસે પ્રારંભ

## કડિયાકામ અને બાંધકામ ક્ષેત્રના શ્રમિકોને માત્ર રૂ.૫માં મળશે પૌષ્ટિક ભોજન



(પ્રતિનિધી) કાલોલ, તા.16

કાલોલ શહેરમાં આજે શ્રમજીવી વર્ગ માટે અત્યંત રાહતરૂપ અને કલ્યાણકારી એવી 'શ્રમિક અન્નપૂર્ણા યોજના'નો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો. કાલોલ બસ સ્ટેન્ડ નજીક શરૂ કરવામાં આવેલા આ કેન્દ્ર થકી કડિયાકામ અને બાંધકામ ક્ષેત્રે દિવસ-રાત મહેનત કરતા શ્રમિકોને માત્ર રૂપિયા ૫ માં પૌષ્ટિક અને પોષણયુક્ત ભોજન મળી રહેશે. આ યોજનાના શુભારંભ પ્રસંગે વિસ્તારના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રમિકોના આરોગ્ય, સુખાકારી અને પોષણને પ્રાધાન્ય આપીને શરૂ કરવામાં આવેલી આ યોજનાથી બાંધકામ ક્ષેત્રે રોજગારી મેળવતા શ્રમજીવી પરિવારોને આર્થિક રીતે મોટી રાહત મળશે. માત્ર ૫ જેવા મામૂલી દરે શુદ્ધ અને પૌષ્ટિક ભોજન મળવાથી શ્રમિકોનું સ્વાસ્થ્ય સચવાશે અને તેમના દૈનિક ખર્ચમાં ઘટાડો થશે.

### લીમખેડાના ઢઢેલામાં મળશે આરોગ્ય સુવિધાઓ

# રૂ. ૬.૭૭ કરોડના ખર્ચે બનશે સામૂહિક આરોગ્ય કેન્દ્ર



(પ્રતિનિધી) લીમખેડા, તા.16

લીમખેડા તાલુકાના ઢઢેલા ખાતે આરોગ્ય સુવિધાઓને વધુ સુદ્દઢ બનાવવાના હેતુથી અંદાજિત રૂ. 6 કરોડ 77 લાખના ખર્ચે નિર્માણ થનાર સામૂહિક આરોગ્ય કેન્દ્રના મકાનનું આજે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતુ આ સામૂહિક આરોગ્ય કેન્દ્રના નિર્માણથી લીમખેડા તાલુકા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને આરોગ્ય સેવાઓ વધુ સુલભ બનશે. સ્થાનિક કક્ષાએ સારવારની સુવિધાઓમાં વધારો થવાથી લોકોને સમયસર આરોગ્ય સેવાઓ મળી રહેશે તેમજ ગુણવત્તાયુક્ત આરોગ્ય સુવિધાઓના વિસ્તરણને વેગ મળશે. રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય માળખાને મજબૂત બનાવવા હાથ ધરવામાં આવતાં વિકાસકાર્યો અંતર્ગત ઢઢેલા ખાતે નિર્માણ પામનાર આ સામૂહિક આરોગ્ય કેન્દ્ર વિસ્તારના નાગરિકો માટે આરોગ્ય સુવિધાઓની દષ્ટિએ મહત્વપૂર્ણ સાબિત થશે.

# સિંગવડમાં શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ ભોજન કેન્દ્રનું લોકાર્પણ



(પ્રતિનિધિ) સિંગવડ તા.16

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ચાલતી સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજરોજ સિંગવડ ખાતે શ્રમિક અન્નપૂર્ણા યોજનાના નવા ભોજન વિતરણ કેન્દ્રનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું. રાજ્યના 28 જિલ્લામાં નવા 101 ભોજન કેન્દ્રો શરૂ કરવાની રાજ્યવ્યાપી ઝુંબેશ અંતર્ગત દાહોદ જિલ્લાના સિંગવડના સરજૂમી રોડ ખાતે આ કેન્દ્રનું લોકાર્પણ ઝાલોદના ધારાસભ્ય મહેશભાઈ ભૂરિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ગુજરાતના વિકાસના સાચા ઘડવૈયા એવા બાંધકામ શ્રમિક ભાઈ-બહેનો અને તેમના પરિવારને માત્ર 5 રૂપિયામાં પૌષ્ટિક અને સંપૂર્ણ ભોજન મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ યોજનાથી હજારો શ્રમિક પરિવારોને સીધો લાભ મળશે.

## જાહેર નોટીસ

**સંજેલીના મહે. જ્યુડી. મેજીસ્ટ્રેટ (ફ.ક.) શ્રી ડો. ઘોણીયા સાહેબની કોર્ટમાં મુ. સંજેલી જી. દાહોદ**

ક્રિ.પ.અ.નં. ૭૯/૨૦૨૬ મુદત તારીખ:- ૨૧/૧૦/૨૦૨૬

અરજદાર: પલાસ લાલસીંગભાઇ કમજીભાઇ, રહે. ડુંગરા, તા. સંજેલી, જી. દાહોદ.

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડુંગરા, તા.સંજેલી, જી.દાહોદ

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારના નામે પલાસ લાલસીંગભાઈ કમજીભાઈ રહે. ડુંગરા, તા. સંજેલી, જી. દાહોદના સગી બહેન પલાસ નંદાબેન કમજીભાઈ નો જન્મ તારીખ ૦૯/૦૭/૧૯૮૩ના રોજ ડુંગરા, તા. સંજેલી, જી. દાહોદ મુકામે કુદરતી રીતે થયેલ છે. જેની નોંધ અરજદારની અજ્ઞાનતા અને શરતચૂકથી સામાવાળાના રજિસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોય જન્મની નોંધણી કરાવવા સારુ હાલની અરજી કરેલ છે.

સદરહુ અરજી સામે લાગતા વળગતા હિત ધરાવતા ઇસમોને કોઈ વાંધો કે તકરાર હોય તો તેઓએ અદાલતમાં વાંધા કે તકરાર મુ. તા. ૨૧/૧૦/૨૦૨૬ના રોજ રજૂ કરવા હાજર રહેવું. જો તેમ કરવામાં ચૂક કરવામાં આવશે તો નામદાર અદાલત સદર અરજી અંગે આગળની કાયદેસરની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજ તા. ૧૫મી માહે ઓક્ટોબર સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (વી.ડી. ડામોર) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર (એસ.એસ. સોલંકી) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી (રજિસ્ટ્રાર) (બી.જે. પટેલ) જુડી. મેજ. (ફ.ક.) કોર્ટ, સંજેલી.

## જાહેર નોટીસ

અરજદારના વ શ્રી એ.એમ.વસૈયા

**ઝાલોદના મહે. એડી. ચીફ જુડી. મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ઝાલોદ**

ક્રિ. પ. અ. નં. ૪૮૯/૨૦૨૬ મુદ્દત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬

અરજદાર: માવી જયંતિભાઈ અકુભાઇ, રહે: કાળીગામ, ગુર્જર, તા. ગોવિંદગુરુ લીંમડી, જી. દાહોદ.

સામાવાળા: તલાટી કમ મંત્રી, કાળીગામ ગુર્જર, તા. ગોવિંદગુરુ લીંમડી, જી. દાહોદ.

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના માતા હામુડીબેન અકુભાઈ માવીનું મરણ તા. ૦૪/૦૪/૨૦૧૨ના રોજ મોજે ગામ કાળીગામ, ગુર્જર, તા. ગોવિંદગુરુ લીંમડી, જી. દાહોદ મુકામે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના માતાના મરણની નોંધણી સામાવાળા તલાટી કમ મંત્રીના જન્મ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ. હાલમાં તેઓના માતાના મરણના પ્રમાણપત્રની જરૂર પડતા સામાવાળા તલાટી કમ મંત્રીને અરજી કરતાં રેકર્ડ જોઈ તા. ૧૦/૦૯/૨૦૨૬ના રોજ એવો દાખલો લખી આપેલ છે કે, તેમના માતાનું નામ મરણ રજિસ્ટરમાં નોંધાયેલ નથી અને મરણનો દાખલો મેળવવા માટે અરજીએ નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૪૮૯/૨૦૨૬ દાખલ કરેલ છે.

સદરહું મરણનો દાખલો અરજદારને આપવા સામે જો કોઈ ઇસમો કે લાગતા વળગતા ને વાંધો અથવા તકરાર હોય તો તેઓએ મુદ્દત તારીખ - ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો અથવા તકરાર રજૂ કરવી. જો તેમ કરવામાં કસૂર કરશે તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૩ ઓક્ટોબર સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (જી.એલ.કામોલ) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | (ડો.આઈ.એસ.ભાટી) એડી.ચીફ જ્યુડી.મેજી.ઝાલોદ